અપીલ અરજી નં.૨૨ તા.૨૦–૪–૧૦/૧૧

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૪–૨–૧૦ ની અરજીથી (૧) સ્લમ અપગ્રેડેશન સેલ ધ્વારા કેટલા મકાનો બન્યા છે કેટલા ફાળવેલા કેટલા ખાલી છે કેટલાનું બાંધકામ ચાલુ છે કેટલા આગળના આયોજન છે. (૨) સુ.મ.ન.પા.ના વિસ્તારના નદી પૈકી , ખાડી પૈકી, રસ્તા રીઝર્વેશન પૈકી કુલ કેટલા ઝુંપડા છે તે ઝોન પ્રમાણે માહિતી આપવી. (૩) પાન્ડેસરા જીઆઈડીસીના પાણી સપ્લાય બાબતે (ઔદ્યોગીક એકમ) જે કરાર થયેલ છે તેની નકલ આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૦–૪–૧૦ ની **SMC/FAP/** નં.૨૨/૨૦૧૦–૧૧

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૪–૨–૧૦ ની અરજીથી (૧) સ્લમ અપગ્રેડેશન સેલ ધ્વારા કેટલા મકાનો બન્યાછે કેટલા ફાળવેલા કેટલા ખાલી છે કેટલાનું બાંધકામ ચાલુ છે કેટલા આગળના આયોજન છે. (૨) સુ.મ.ન.પા.ના વિસ્તારના નદી પૈકી , ખાડી પૈકી, રસ્તા રીઝર્વેશન પૈકી કુલ કેટલા ઝુંપડા છે તે ઝોન પ્રમાણે માહિતી આપવી. (૩) પાન્ડેસરા જીઆઈડીસીના પાણી સપ્લાય બાબતે (ઔદ્યોગીક એકમ) જે કરાર થયેલ છે તેની નકલ આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦–૪–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૮ તા.૨૯–૪–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૨૪–૨–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબતે માંગવામાં આવેલી માહિતી માંગતી અરજી ઉધનાઝોન ધ્વારા સા.ઝોન/ટેક/આ.નં.૧૨૮ તા.૧૦–૩–૧૦ થી જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલ તથા તમામ ઝોનને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી તા.૨૦–૪–૧૦ ના રોજ તમામઝોનના અધિકારીઓએ માહિતી આપેલ છે પરંતુ ફકત ઉધનાઝોન ધ્વારા માહિતી કે નિર્ણય આપેલ નથી. જે ઝોન પાસે માહિતી માંગેલ છે તે ઝોન તરફથી જ માહિતી અપાયેલ નથી તેવું જણાવેલ છે અને તે અંગે દંડકીય કાર્યવાહીની રજૂઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ વિગતો મળેલ નથી. તે જોતાં જાહેર માહિતી અધિકારી તરફથી પોતાના ઝોનને સ્પર્શતી મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી અરજદારને પૂરી પડાયેલ જણાતી નથી. તથા માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૨૪–૨–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી નહી પૂરી પડાયેલી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ –૭(૬) હેઠળ વિના મુલ્યે અરજદારને દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

વધુમાં અરજદારે અપીલમાં રજૂ કરેલ દંડાત્મક જોગવાઈ અંગે કાર્યવાહી કરવાની સત્તા આરટીઆઈ કાયદાની કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગને છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૦

ડે.કમિશનર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ,